**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો.)**

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– 41320/2020

આંક :–

૧. ગુનો બન્યાની તારીખ :– 22/01/2020

૨. ફરીયાદીનું નામ :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

૩. આરોપીનું નામ અને સરનામું :– અજય ઉર્ફે લાલો રતનલાલ વર્મા, ઉ.વ.આ.પુખ્ત,
રહેઃ અનિલ સ્ટાર્ચ રોડ અમદાવાદ.

૪. ગુનાની વિગત :– ગુજરાત પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(એ)

પ્રશ્ન :– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યું, તે મુજબનો ગુનો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ :– મને ગુનો કબુલ છે.

__________________ મારા રૂબરૂ

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.

**ફોજદારી કેસ નંબર :–41320/2020**

**આંક :–**

**આંક–૧ લગત હુકમ**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી સંભળાવી સમજાવતાં આરોપી/ઓએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) આ કેસમાં આરોપી વિરૂધ્ધનું તહોમત જોતાં આરોપી પાસેથી મળી આવેલ જથ્થો ગુજરાત સરકારનાં પરીપત્ર જી.જી.પરીપત્ર જી.જી./૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઈ–૧ તા.૨–૭–૧૯ મુજબ અલ્પ માત્રાનો (lesser quantity of intoxicant) જણાય છે. જે મુજબ સુધારેલા પ્રોહીબીશન કાયદાની કલમ–૬૫ (એ) (એ) ધ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

**કલમ–૬૫(એ)(એ) – અલ્પ માત્રામાં કેફી પદાર્થ કબ્જામાં રાખવા વિગેરે માટે શિક્ષા :**

કલમો–૬૫ અને ૬૬ માં ગમે તે મજકુર હોય તે છતાં, જે કોઈ વ્યકિત, રાજય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે , કબ્જામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે આવા દરેક ગુના માટે કેદ જે ત્રણ વર્ષની મુદત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

હાલના કામે તપાસ સંસ્થા ધ્વારા પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનું ચાર્જશીટ કરેલ છે, પરંતુ ફરીયાદની હકીકત તથા આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલના જથ્થાનું પ્રમાણ જોતાં, અલ્પ માત્રાનો જથ્થો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવેલ છે, જેથી આંક–૧ તળે વિસ્તૃત હુકમ કરીને હાલના આરોપી નં:૦૨ વિરૂધ્ધ કલમ–૬૫(એ)(એ) અન્વયે તહોમતનામું ઘડવામાં આવેલ છે.

હાલના કામમાં આરોપી વિરૂધ્ધ આજ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પૂર્વદોષસિધ્ધ નથી અને હાલના આરોપી એ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક, ધમકી, દાબ દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે જેથી આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૩) આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એકજ કમાનાર વ્યકિત છે, યુવા વયના આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહી કરવાની ખાત્રી આપી સુધરવાની તક આપી, દયાની માંગણી કરી યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલ છે.

હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલ અલ્પ માત્રાનો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે, જેથી આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૦૫ ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને લક્ષમાં લઈ, આરોપી/ઓની કબુલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણીના સિધ્ધાંતને ધ્યાને રાખતાં આરોપી/ઓને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ, આરોપી/ઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–// આખરી હુકમ //–**

આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂા.૫૦૦/– (અંકેરૂપિયા પાંચ સો પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમ્યાન આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ

**( પરેશ ભોગીલાલ નાયક )**
એડી.ચીફ મેટ્રો.મેજી., કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૮૭૪.